Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

—: એકેડેમિક કાઉન્સિલ :—

—: કાર્યસૂચિ – ૨ :—

તા. : ૧૪–૦૯–૨૦૨૧
વાર : મંગળવાર **સમય : સવારે ૧૧ :૦૦ કલાકે**

(૧૩) સિન્ડિકેટની તા.૧૧–૦૮–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૧) અન્વયે, નીચે મુજબના અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી શરૂ કરવા માટે ન્યુ ઈન્ડિયન એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, વી. એન. પટેલ મેડિકલ કેમ્પસ, મુ.વસરાવી, તા.માંગરોલ, જિઃસુરતને અત્રેની યુનિવર્સિટી સાથે સંલગ્નતા / જોડાણ આપવા માટે કરેલ વિનંતીનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો એમ ઠરાવેલ છે. જે સંદર્ભે વિવિધ કોલેજો / સંસ્થાઓ તરફથી નીચે મુજબના સ્વનિર્ભર અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી શરૂ કરવા માટે જોડાણઅરજી કરવામાં આવેલ હોઈ, નીચે જણાવેલ અભ્યાસક્રમો કઈ વિદ્યાશાખા હેઠળ લેવા જે અંગે વિચારણા કરવા બાબત.

ક્રમ	અભ્યાસક્રમ
1.	Diploma in Sanitary Inspector
2.	Diploma in Operation Theater
3.	Diploma in Operation Theater Technician
4.	Diploma in Hospital Management
5.	Diploma in Fire Safety
6.	Diploma in Medical Lab Technician
7.	Diploma in Surveyor
8.	Post Graduate Diploma in Hospital Management

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

(૧૪) શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર B.Sc. (IT) Sem-I, & II, (Mathematics) વિષયનો અભ્યાસક્રમ અંગે ચર્ચા કરતા ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા.૦૪/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે જે ભલામણ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા.૦૪/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર B.Sc. (IT) Sem- I& II (Mathematics) વિષયનો અભ્યાસક્રમ બનાવી સર્વાનુંમતે મંજૂર કરવામાં આવ્યો અને તે મંજૂર કરવા કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૫)
(એકેડેમિક વિભાગ)

(૧૫) Bachelor of Library and Information Science ના અભ્યાસક્રમની પુનઃરચના કરવા બાબતે ચર્ચા ચિારણા કરતા લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૮/૯/૨૦૨૧સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે જે ભલામણ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીને અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે.

<u>લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૦૮/૦૯/૨૦૨૧ સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨</u>

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ ૫ ને રદ કરવામાં આવે છે.

વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨ થી અમલ થાય તે રીતે નવીન ઘડવામાં આવેલ Bachelor of Library and Information Science ના અભ્યાસક્રમને મંજૂર કરવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૬)
(એકેડેમિક વિભાગ)

(૧૬) Master of Library and Information Science ના અભ્યાસક્રમની પુનઃરચના કરવા બાબતે ચર્ચા વિચારણા કરતા લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૮/૯/૨૦૨૧ સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે જે ભલામણ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીને અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે.

<u>લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૦૮/૦૯/૨૦૨૧ સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩</u>

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ ૬ ને રદ કરવામાં આવે છે.

વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨ થી અમલ થાય તે રીતે નવીન ઘડવામાં આવેલ Master of Library and Information Science ના અભ્યાસક્રમને મંજૂર કરવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૭)
(એકેડેમિક વિભાગ)

(૧૭) B.L.I.Sc. અને M.L.I.Sc. ની પરીક્ષાઓના માળખા બાબતે ચર્ચા ચિારણા કરતા લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૮/૯/૨૦૨૧ સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે જે ભલામણ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીને અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે.

<u>લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૦૮/૦૯/૨૦૨૧ સભાનાં ઠરાવ ક્રમાંકઃ૪</u>

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ ૭ ને રદ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, B.L.I.Sc. અને M.L.I.Sc. ની પરીક્ષાઓનું માળખું આ સાથે સામેલ છે જે મંજૂર કરવામાં આવે છે અને તે મંજૂર કરવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૮)
(એકેડેમિક વિભાગ)

(૧૮) એમ.ટી.બી. આર્ટસ્ કોલેજના વિદ્યાર્થી દર્શિત કાંતિભાઈ કોરાટની તા. ૦૮/૦૯/૨૦૨૧ ની અરજી પર વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૯)
(પરીક્ષા વિભાગ)

(૧૯) વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરતમાં એલએલ.બી. સેમેસ્ટર–૩નો અભ્યાસ વર્ષ ૨૦૦૪માં પૂર્ણ કર્યા બાદ સેમેસ્ટર–૫માં એડમિશન લીધા બાદ કાયદાકીય પ્રેક્ટિસ માટે જોડાયા હોવાને કારણે સેમેસ્ટર–૫ થી આગળનો અભ્યાસ પૂર્ણ કરી શકયા ન હોય વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત ખાતે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧–૨૨માં સેમેસ્ટર–૫માં પ્રવેશ આપવા માટે પ્રવિણ વાય. શાહની તા.૦૩–૦૭–૨૦૨૧ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ: સદર બાબતે કાર્યાલયની તા. ૦૮–૦૭–૨૦૨૧ની નોંધ પર મળેલ આદેશાનુસાર કાર્યાલયના તા.૧૭–૦૭–૨૦૨૧ના પત્રાંક: પીજી/ પ્રવેશ/ ૯૯૩૦/ ૨૦૨૧થી સદર વિદ્યાર્થીને સેમેસ્ટર–૫માં પ્રવેશ ફાળવી શકાય કે કેમ? તે અંગે વી.ટી.ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરતના આચાર્યશ્રીને સ્પષ્ટ અભિપ્રાય આપવા જણાવેલ હતું, તે સંદર્ભે કોલેજના આચાર્યશ્રી દ્વારા તા.૦૩–૦૮–૨૦૨૧ના પત્રાંક: પ્રવેશ/ ૨૧૪/ ૨૦૨૧–૨૨થી "LL.B. Sem-5 માં શ્રી પૂર્વિન વાય. શાહના પ્રવેશ અંગે આ પ્રશ્ન નીતિ વિષયક હોય લો ફેકલ્ટી તેમજ અધરધેન ડીનશ્રીનું માર્ગદર્શન લઈ આગળની કાર્યવાહી કરવા વિનંતી" એવો અભિપ્રાય આપેલ છે.)

(બિડાણ : ૧૦)
(અનુસ્નાતક વિભાગ)

(૨૦) કોમર્સ વિભાગની એકઝયુકયુટીવ સમિતિની તા. ૦૪–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક: ૭ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન એમ.કોમ. (ઈકોનોમિકસ) કોર્ષ બંધ રાખવા અને નવા અન્ય કોઈ વિષય હાલ પુરતો ચાલુ કરવો નહિ તેમ ઠરાવેલ છે, તે મુજબ માનનીય કુલપતિશ્રી દ્વારામંજૂરી આપેલ હોય, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન એમ.કોમ. (ઈકોનોમિકસ) સ્વનિર્ભર અભ્યાસ બંધ કરવા અને પ્રવેશ ન ફાળવવા અંગેની માનનીય કુલપતિશ્રી દ્વારા આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

(૨૧) યુનિવર્સિટીના શૈક્ષણિક સત્ર સને–૨૦૨૧–૨૨માં લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટે હાલ પ્રાશ્નિક પરીક્ષકોની નિમણુંક સમિતિની મીટીંગ શરૂ થઈ ગયેલ હોય જેમાં ઓકટોબર/નવેમ્બર–૨૦૨૧ અને માર્ચ/એપ્રિલ–૨૦૨૨ ની વિવિધ પરીક્ષાઓ માટે પ્રાશ્નિક/ પરીક્ષકોની નિમણુંક સમિતિ દ્વારા પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મા.કુલપતિશ્રીની મૌખિક સુચના અનુસાર સદર બોર્ડના વિવિધ વિષયોમાં પેપર સેટરોને વધુમાં વધુ કેટલા વિષયમાં પેપર સેટર તરીકે નિમણુંક આપી શકાય તે અંગે વિચારણા બાબત.

(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ)

(૨૨) એજયુકેશન ફેકલ્ટીના ડીનશ્રી અને પેપર સેટર અને પરીક્ષકોની નિમણુંક સમિતિના સભ્યોશ્રીનો તા. ૦૨–૦૯–૨૦૨૧ના પત્રમાં જણાવ્યા મુજબ ડો આનંદ ભટ્ટનો તા.૩૧–૦૮–૨૦૨૧ના પત્ર દ્વારા પરીક્ષા સંબધિત કામગીરી તથા ઝોન ચેરમેન ના પદ પરથી મુકત કરવા અંગેની માગણી કુલસચિવશ્રીને કરેલ હતી, જે સંદર્ભમાં તા.૦૨–૦૯–૨૦૨૧ ગુરુવારના રોજ પરીક્ષા ભવન ખાતે પરીક્ષા સમિતિની જે મીટીંગ

મળી હતી, તેમાં સર્વાનુમતે તેમની વિનંતી સ્વીકારીને ઉપરોકત કામગીરીમાંથી તેમને મુકત કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ સાથે સુરત શહેરી/ગ્રામ્ય બી.એડ્. ઝોન ચેરમેન તરીકે હવે પછીના શૈક્ષણિક વર્ષ–૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ દરમ્યાન ડીનશ્રી ડો. પત્રલેખા બારડ કામગીરી નિભાવશે. જે બાબતે ઝોન ચેરમેન તરીકે તેમને શૈક્ષણિક વર્ષ–૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વર્ષ માટે ઓર્ડર આપવા. સદર બાબતે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ)

(૨૩) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.

ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૧૩૮૫૦/૨૦૨૧
તા. ૧૩/૦૯/૨૦૨૧

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....